**અગ્રતા ક્રમઃ** **૨૯**

## **ફોલ્ડર ફાઈલ**

વિભાગ – સામાજિક ન્યાય  અને અધિકારીતા વિભાગ

તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ– **૧૫/૪/૧૭૯૫**

**વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની**

**તારીખઃ–૨૬/૦૨/૨૦૨૪**

૧૫મી ગુજરાત વિધાનસભા

પ્રશ્ન – દાહોદ જિલ્લામાં સંત સુરદાસ યોજના

પ્રશ્ન પૂછનાર સભ્યશ્રી, અને તેમનો મત વિસ્તાર –

શ્રી કનૈયાલાલ બચુભાઇ કિશોરી (દાહોદ)

**અનુક્રમણિકા**


| ક્રમ | પ્રશ્નો | પાના નંબર |
|---|---|---|
| ૧ | **પ્રશ્ન** | **4** |
| ૨ | **પ્રશ્નનો જવાબ** | **4** |
| ૩.૧ | **પૂરક પ્રશ્ન –૧ ધારાસભ્યશ્રી – શ્રી કનૈયાલાલ કિશોરી (દાહોદ)** સંત સુરદાસ યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં દાહોદ જીલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ અને કેટલી રકમ ચૂકવવામાં આવી? | **5** |
| ૩.૨ | **પૂરક પ્રશ્ન –૨ ધારાસભ્યશ્રી –** સંત સુરદાસ યોજના હેઠળ સમગ્ર રાજ્યમાં છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી? | **6** |
| ૩.૩ | **પૂરક પ્રશ્ન –૩ ધારાસભ્યશ્રી –** સંત સુરદાસ યોજના હેઠળ દાહોદ જિલ્લામાં છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી? | **7** |
| ૩.૪ | **પૂરક પ્રશ્ન –૪ ધારાસભ્યશ્રી –** સંતસુરદાસ યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧–૨૨ અને વર્ષ ૨૦૨૨–૨૩ માં ફાળવેલ ભૌતિક લક્ષ્યાંક કેટલો હતો અને તેની સામે કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો ભૌતિક લક્ષ્યાંક સામે મેળવેલ સિદ્ધિની ટકાવારી ? | **8** |
| | | |
| ૪.૧ | **પૂરક માહિતી** સંત સુરદાસ યોજના | **9** |

તારાંકિત પ્રશ્ન　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　ક્રમાંકઃ પ્ર/

# ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ 15/4/1795

વિષયઃ

દાહોદ જિલ્લામાં સંત સુરદાસ યોજના

| સૂચના મળ્યાની તારીખઃ | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 19/01/2024 | 20/02/2024 | 06/02/2024 |

*15/4/1795　　શ્રી કનૈયાલાલ બચુભાઇ કિશોરી(દાહોદ)

સામાજિક ન્યાય અને અધિકારિતા જાણાવવા કૃપા કરશે કેઃ-

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) દાહોદ જિલ્લામાં વર્ષ-૨૦૨૩માં સંત સૂરદાસ યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૩) તે પેટે કેટલી રકમ ચુકવવામાં આવી?

----

# 29

## દાહોદ જિલ્લામાં સંત સુરદાસ યોજના

***15/4/1795 શ્રી કનૈયાલાલ બચુભાઇ કિશોરી**(દાહોદ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | દાહોદ જિલ્લામાં વર્ષ–૨૦૨૩માં સંત સૂરદાસ યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) | ૧૦૯ |
| (૨) | તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને | (૨) | ૧૦૦ |
| (૩) | તે પેટે કેટલી રકમ ચુકવવામાં આવી**?** | (૩) | ૬,૧૭,૦૦૦ |

**અગ્રતાક્રમ – ૨૯ પૂરક પ્રશ્ન– ૧**

**પૂછનાર માન.ધારાસભ્યશ્રી – શ્રી કનૈયાલાલ કિશોરી (દાહોદ)**

**પૂરક પ્રશ્ન–૧** **સંત સુરદાસ યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં દાહોદ જીલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ અને કેટલી રકમ ચૂકવવામાં આવી?**

**જવાબ: માન. અધ્યક્ષશ્રી,**

| **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ** | **ચુકવેલ સહાયની કુલ રકમ (લાખમાં)** |
|---|---|---|
| ઝાલોદ | ૨૩ | ૧.૧૩ |
| લીમખેડા | ૭ | ૦.૩૨ |
| ગરબાડા | ૧૧ | ૦.૭૦ |
| ફતેપુરા | ૨૦ | ૧.૨૩ |
| સંજેલી | ૦૬ | ૦.૩૫ |
| સીંગવડ | ૦૫ | ૦.૩૯ |
| દાહોદ | ૨૦ | ૧.૨૪ |
| દે.બારીયા | ૦૮ | ૦.૩૦ |
| ધાનપુર | ૦૯ | ૦.૫૧ |
| **કુલ** | **૧૦૯** | **૬.૧૭** |

**અગ્રતા ક્રમ–૨૯ પૂરક પ્રશ્ન– ૨**

**પૂછનાર માન.ધારાસભ્યશ્રી –**

**પૂરક પ્રશ્ન–૨** **સંતસુરદાસ યોજના હેઠળ સમગ્ર રાજ્યમાં છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી?**

**જવાબ: માન. અધ્યક્ષશ્રી,**

સંત સુરદાસ યોજના હેઠળ ગુજરાત રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં રૂપિયા ૭૬૬૬.૮૯ લાખ ની સહાય ચુકવવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | લાભાર્થીઓની સંખ્યા | ચુકવેલ સહાયની રકમ (રૂ. લાખમાં ) |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૦–૨૧ | ૩૧૭૩૪ | ૨૬૯૪.૨૫ |
| ૨ | ૨૦૨૧–૨૨ | ૨૫૦૯૨ | ૧૯૦૫.૭૩ |
| ૩ | ૨૦૨૨–૨૩ | ૨૫૫૭૪ | ૩૦૬૬.૯૧ |
| | | **કુલ** | **૭૬૬૬.૮૯** |

**અગ્રતાક્રમ – ૨૯ પૂરક પ્રશ્ન– ૩**

**પૂછનાર માન.ધારાસભ્યશ્રી –**

**<u>પૂરક પ્રશ્ન–૩</u>** **સંત સુરદાસ યોજના હેઠળ દાહોદ જિલ્લામાં છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી?**

**જવાબ: માન. અધ્યક્ષશ્રી,**

સંતસુરદાસ યોજના હેઠળ દાહોદ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં ૫૭૮.૫૨ લાખ ની સહાય ચુકવવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | લાભાર્થીઓની સંખ્યા | ચુકવેલ સહાયની રકમ (રૂ. લાખમાં ) |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૦–૨૧ | ૨૦૯૩ | ૧૮૦.૦૫ |
| ૨ | ૨૦૨૧–૨૨ | ૨૦૪૮ | ૧૪૮.૨૦ |
| ૩ | ૨૦૨૨–૨૩ | ૨૦૯૬ | ૨૫૦.૨૭ |
| **કુલ** | | | **૫૭૮.૫૨** |

**અગ્રતાક્રમ – ૨૯ પૂરક પ્રશ્ન– ૪**

**પૂછનાર માન.ધારાસભ્યશ્રી –**

**પૂરક પ્રશ્ન–:–૪** **સંતસુરદાસ યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧–૨૨ અને વર્ષ ૨૦૨૨–૨૩ માં ફાળવેલ ભૌતિક લક્ષ્યાંક કેટલો હતો અને તેની સામે કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો ભૌતિક લક્ષ્યાંક સામે મેળવેલ સિદ્ધિની ટકાવારી?**

**જવાબ:**

**માન. અધ્યક્ષશ્રી,**

- સંતસુરદાસ યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧–૨૨ માં ૨૭૦૦૦ ભૌતિક લક્ષ્યાંક ફાળવવામાં આવેલ તે પૈકી ૨૫૦૯૨ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો ભૌતિક લક્ષ્યાંક સામે ૯૨.૯૩% સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે .
- સંતસુરદાસ યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા વર્ષ૨૦૨૨–૨૩ માં ૨૭૦૦૦ ભૌતિક લક્ષ્યાંક ફાળવવામાં આવેલ તે પૈકી ૨૫૫૭૪ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો ભૌતિક લક્ષ્યાંક સામે ૯૪.૭૨% સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે.

| અગ્રતાક્રમ – ૨૯ પૂરક માહિતી ૪.૧ |
|---|
| **સંત સુરદાસ યોજના** |

### આ યોજનાની હાલની વિગતો

➢ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ , ઠરાવથી તીવ્ર દિવ્યાંગતા ના૦૦૦૨–૯–૨૨.તા ,છ/૪.બા.ન/૦૦૦૨૧૦/અપગ ધરાવતી વ્યક્તિને આર્થિક સહાય આપવા માટે સંત સુરદાસ યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

### હેતુ

- તીવ્ર દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓનો સર્વાંગી વિકાસ થાય તેમજ તેઓને નાણાંકીય સહાય પુરી પાડી તેમનું સામાજિક પુનઃ સ્થાપન થાય તે હેતુથી સંતસુરદાસ યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

### આ યોજના હેઠળ હાલમાં સહાય મેળવવાની પાત્રતા

- ૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવનાર વ્યક્તિ
- ૦ થી ૧૭ વર્ષ સુધીના દિવ્યાંગ વ્યક્તિને લાભ મળવાપાત્ર છે.
- આ યોજનાનો લાભ ગરીબી રેખા હેઠળ જીવતા ગુજરાતની દિવ્યાંગ વ્યક્તિઓને મળવાપાત્ર છે. (ગ્રામ્ય વિસ્તાર માટે ભારત સરકારની મિનીસ્ટ્રી ઓફ રૂરલ ડેવલેપમેન્ટ તેમજ શહેરી વિસ્તાર માટે ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ અર્બન હાઉસીંગ એન્ડ પોવર્ટી એલીવેશન તરફથી જે બી.પી.એલ. (ગરીબી રેખા હેઠળ જીવતા લોકોની યાદી) યાદી બનાવવામાં આવેલ છે તેમા સમાવિષ્ટ દિવ્યાંગ વ્યક્તિઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે.

## આ યોજના હેઠળ મળવાપાત્ર સહાય

- આ યોજના હેઠળ લાભાર્થીને માસિક રૂ. ૧૦૦૦/– સહાય મળવાપાત્ર છે.

## આ યોજનાનાં અરજી પત્રક

- આ યોજના હેઠળ esamajkalyan.gujarat.gov.in પોર્ટલ પર ઓનલાઇન અરજી સ્વિકારવામાં કરવામાં આવે છે. જેથી લાભાર્થીઓ પોતાના ઘરેબેઠા પણ અરજી કરી શકે છે. તેમ છતાં જે લાભાર્થીઓ જાતે ઓનલાઇન અરજી કરી શકતા નથી તેવા લાભાર્થીઓની અરજી જીલ્લા કચેરી ખાતે રૂબરૂમાં ઓનલાઇન કરી આપવામાં આવે છે.
- ડિજિટલ સેવા સેતુ અંતર્ગત લાભાર્થીઓ આ યોજનાનો લાભ ઇ–ગ્રામ કેન્દ્રો મારફતે આ યોજનાનો લાભ લઈ શકે છે.
- ઓન લાઇન અરજીઓની ચકાસણી કરી સહાય મંજૂર કરવાની સત્તા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને છે.

## સહાય કેવી રીતે આપવામાં આવે છે.

- આ યોજના હેઠળ લાભાર્થીને માસિક રૂ. ૧૦૦૦/– સહાય લાભાર્થીના બેંક એકાઉન્ટમાં DBT (ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર) મારફતે રાજય કક્ષાએથી જમા કરવામાં આવે છે.

## યોજનાની શરૂઆતથી અત્યાર સુધીની વિગતો

- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ અપગ/૧૦૨૦૦૦ /ન.બા.૪/છ, તા.૨૨–૯–૨૦૦૦ના ઠરાવથી તીવ્ર દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિને આર્થિક સહાય આપવા માટે સંત સુરદાસ યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

## <u>હેતુ</u>

- તીવ્ર દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓનો સર્વાંગી વિકાસ થાય તેમજ તેઓને નાણાંકીય સહાય પુરી પાડી તેમનું સામાજિક પુનઃ સ્થાપન થાય તે હેતુથી સંત સુરદાસ યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

## <u>પાત્રતાના માપદંડો</u>

- આ યોજના ૪૫ વર્ષ કરતાં ઓછી વય જુથની ૭૫ ટકા કે તેથી વધારે દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓને અથવા તો જે કૃત્રિમ અંગોથી પણ સ્વતંત્ર રીતે હલનચલન કે હરીફરી શકતા નથી તેમને માટે લાગુ પાડવામાં આવેલ.
- ૭૫ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી અને ૧૮ વર્ષથી નીચેની વયજુથની વ્યક્તિઓને માસિક રૂ. ૧૦૦/-(અંકે રૂપિયા સો પુરા) ની સહાય આરોગ્ય અને શિક્ષણ પેટે ચુકવવામાં આવેલ.
- ૧૮ થી ૪૫ વર્ષની વયજુથની અને ૭૫ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓને માસિક રૂ. ૨૦૦/- (અંકે રૂપિયા બસો પુરા) ની સહાય ચુકવવામાં આવેલ.
- અરજદારના કુટુંબના કોઇપણ સભ્યનું નામ ગરીબી રેખા નીચે જીવતા કુટુંબની યાદીમાં સમાવિષ્ટ હોય તેવા દિવ્યાંગ વ્યક્તિને આ યોજનાનો લાભ આપવામાં આવશે તેમ ઠરાવવામાં આવ્યું.
- આ યોજના હેઠળ સહાય મેળવતી દિવ્યાંગ વ્યક્તિઓને સરકારશ્રી તરફથી નિયમોનુસાર મળતી અન્ય સહાય પણ મળી શકશે તેમ ઠરાવવામાં આવેલ.
- ૨૧ વર્ષથી વધુ વયનો લાભાર્થીનો પુત્ર ન હોવો જોઇએ.
- અરજદાર રાજ્ય સરકાર તરફથી આપવામાં આવતું દિવ્યાંગ ઓળખકાર્ડ ધરાવતા હોવા જોઇએ.

- દિવ્યાંગ વ્યક્તિ કે તેના વાલી ઓછામાં ઓછા ૧૦ વર્ષથી ગુજરાત રાજ્યમાં કાયમી વસવાટ હોવા અંગે સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઇએ.
- પુત્ર માનસિક અસ્થિર હોય તો સહાય મળવાપાત્ર રહેશે.
- પુત્ર અશક્ત/દિવ્યાંગ ૭૫ ટકાથી વધારે, હોય તો સહાય મળવાપાત્ર રહેશે.

➢ **ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક અપગ/૧૦૨૦૦૦/ન.બા-૪/છ-૧ તા. ૧૯/૧૨/૨૦૦૩ મુજબ.**

- તા.૨૨-૦૯-૨૦૦૦નાં ઠરાવની શરત નં-૪ "અરજદારના કુટુંબના કોઈપણ સભ્યનું નામ ગરીબી રેખા નીચે જીવતા કુટુંબની યાદીમાં સમાવિષ્ટ થતું હોવું જોઇએ.તે શરતમાં સુધારો કરી " લાભાર્થીના કુટુંબની આવક ગરીબી રેખાથી વધારે હોવી જોઇએ નહી" આ અંગેની આવક સંબંધિત તાલુકાના મામલતદાર દ્રારા જ પ્રમાણિત થયેલી હોવી જોઇએ તેમ ઠરાવવામાં આવેલ.

➢ **ગુજરાત સરકારનાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક અપગ/૧૦૨૦૦૬/ન.બા-૮/છ-૧ તા. ૨૦/૧૦/૨૦૦૬ મુજબ**

- ૭૫ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી અને ૧૮ વર્ષથી નીચેની વય જૂથની વ્યક્તિઓને હાલની માસિક સહાય રૂ. ૧૦૦/-ને બદલે માસિક રૂ. ૨૦૦/- ની સહાય ચુકવવામાં આવશે એમ ઠરાવવામાં આવ્યું.
- ૧૮ થી ૪૫ વર્ષની વય જુથના અને ૭૫ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓને માસિક રૂ. ૨૦૦/- ને બદલે માસિક રૂ.૪૦૦/- ની સહાય ચુકવવામાં આવશે એમ ઠરાવવામાં આવેલ.
- આ યોજનાના ઠરાવની મૂળ શરતો યથાવત રહેશે એમ ઠરાવવામાં આવેલ.

- **ગુજરાત સરકારનાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક અપગ/૧૦૨૦૦૬/ન.બા–૮(૨)/છ–૧ તા. ૨૦/૧૦/૨૦૦૬ મુજબ**
  - ૭૫ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી અને ૧૮ વર્ષથી નીચેની વય જૂથની અનુસૂચિત જાતીની વ્યક્તિઓને હાલની માસિક સહાય રૂ. ૧૦૦/–ને બદલે માસિક રૂ. ૨૦૦/– ની સહાય ચુકવવામાં આવશે એમ ઠરાવવામાં આવેલ.
  - ૧૮ થી ૪૫ વર્ષની વય જુથના અને ૭૫ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી અનુસુચિત જાતિની વ્યક્તિઓને માસિક રૂ. ૨૦૦/– ને બદલે માસિક રૂ.૪૦૦/– ની સહાય ચુકવવામાં આવશે એમ ઠરાવવામાં આવેલ.
  - આ યોજનાના ઠરાવની મૂળ શરતો યથાવત રહેશે એમ ઠરાવવામાં આવેલ.
- **ગુજરાત સરકારનાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક અપગ/૧૦૨૦૦૬/ન.બા–૮(૩)/છ–૧ તા. ૨૦/૧૦/૨૦૦૬ મુજબ**
  - ૭૫ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી અને ૧૮ વર્ષથી નીચેની વય જૂથની અનુસૂચિત જનજાતિની વ્યક્તિઓને હાલની માસિક સહાય રૂ.૧૦૦/–ને બદલે માસિક રૂ.૨૦૦/– ની સહાય ચુકવવામાં આવશે એમ ઠરાવવામાં આવેલ.
  - ૧૮ થી ૪૫ વર્ષની વય જુથના અને ૭૫ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી આદિવાસી વિસ્તારનીવ્યક્તિઓને માસિક રૂ. ૨૦૦/– ને બદલે માસિક રૂ.૪૦૦/– ની સહાય ચુકવવામાં આવશે એમ ઠરાવવામાં આવેલ.
  - આ યોજનાના ઠરાવની મૂળ શરતો યથાવત રહેશે એમ ઠરાવવામાં આવેલ.
- **ગુજરાત સરકારનાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના, પરિપત્ર ક્રમાંકઃ અપગ/૧૦૨૦૦૯/૨૧૬/છ–૧, તા. ૩૧/૦૭/૨૦૦૯ મુજબ.**

- રાજ્ય સરકારની સંત સુરદાસ યોજના  તેમજ કેન્દ્ર સરકારની ઇન્દિરા ગાંધી નેશનલ ડિસેબીલીટી પેન્શન સ્કિમ (આઇ.જી.એન.ડી.પી.એસ.) બંન્ને યોજનાઓને સંકલિત કરવામાં આવેલ.
- આ યોજનનું નામાભિધાન "ઇન્દિરા ગાંધી નેશનલ ડીસેબીલીટી પેન્શન સ્કીમ અને સંત સુરદાસ યોજના " કરવામાં આવેલ .
- આ યોજનાનો લાભ ગરીબી  રેખા હેઠળ જીવતા ગુજરાતના દિવ્યાંગ વ્યક્તિઓને મળશે. આ માટે ભારત સરકારની યોજનાઓ માટે પાત્રતા ધરાવતી ગરીબી રેખા હેઠળ જીવતા વ્યક્તિઓની યાદી ગ્રામ્ય વિસ્તાર માટે ભારત સરકારની મીનીસ્ટ્રી ઓફ રૂરલ ડેવલેપમેન્ટ તેમજ શહેરી વિસ્તાર માટે ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ અર્બન હાઉસીંગ એન્ડ પોવર્ટી એલીવેશન તરફથી જે બી.પી.એલ યાદી બનાવવામાં આવેલી છે તેનો ઉપયોગ કરવામાં આવશે એમ ઠરાવવામાં આવેલ.
- ૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિને આ યોજનાનો લાભ મળશે એમ ઠરાવવામાં આવેલ.
- શૂન્ય થી ૧૭ વર્ષની ઉંમર પુરી કરે ત્યાં સુધીની દિવ્યાંગ વ્યક્તિને માસિક રૂ. ૨૦૦/- અને ૧૮ થી ૬૪ વર્ષની વય સુધીની દિવ્યાંગ વ્યક્તિને માસિક રૂ. ૪૦૦ આપવાનું ઠરાવવામાં આવેલ.
- ૬૪ વર્ષની ઉંમર પૂર્ણ કર્યા બાદ (૬૫ વર્ષથી) વ્યક્તિ વૃધ્ધ સહાય યોજના માટે પાત્ર બનશે એમ ઠરાવવામાં આવેલ.
- હાલ ૭૫ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ રાજ્ય સરકારની  યોજના હેઠળ માસિક સહાય મળવાપાત્ર છે. તે પૈકીની દિવ્યાંગ વ્યક્તિઓનો જો આ યોજનામાં સમાવેશ થતો ન હોય તો પણ તેઓને માસિક પેન્શન યોજના ચાલુ રાખવાની રહેશે.

પરંતુ નવી જાહેર  કરાયેલ યોજનામાં નવેસરથી દાખલ થતી દિવ્યાંગ વ્યકિતને નવી યોજનાના ધોરણો લાગુ પડશે એમ ઠરાવવામાં આવેલ.

- આ યોજના હેઠળ આર્થિક સહાય મેળવનાર વ્યક્તિને નેશનલાઇઝ બેંક એકાઉન્ટ મારફતે કે પોસ્ટ ઓફિસમાં સેવીગ્સ એકાઉન્ટનો વિકલ્પ આપવામાં આવશે અને લાભાર્થી ઇચ્છે તે વિકલ્પ ધ્યાને લઈને તેને સહાયની ચુકવણી કરવામાં આવશે એમ ઠરાવવામાં આવેલ.

➢ **ગુજરાત સરકારનાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના, પરિપત્ર ક્રમાંકઃઅપગ/૧૦૨૦૦૯/૨૧૬(૧)/છ-૧,તા. ૩૧/૦૭/૨૦૦૯ મુજબ.**

- ઇન્દિરા ગાંધી નેશનલ ડિસેબીલીટી પેન્શન સ્કીમ અને સંત સુરદાસ યોજના અંતર્ગત શૂન્યથી ૧૭ વર્ષની ઉંમર સુધીની દિવ્યાંગ વ્યક્તિને આપવામાં આવતી આર્થીક સહાયના ખર્ચના પત્રકો અલગ રાખવાનું ઠરાવવામાં આવેલ.
- ૧૮ થી ૬૪ વર્ષની વય જુથની દિવ્યાંગ વ્યક્તિઓને આપવામાં આવતી રકમની ચુકવણીના હુકમમાં રૂ. ૨૦૦/- કેન્દ્ર સરકારની સહાય છે તથા રૂ. ૨૦૦/- રાજ્ય સરકારની સહાય છે તેવો ઉલ્લેખ કરવાનું ઠરાવવામાં આવેલ.
- ૧૮ થી ૬૪ વર્ષની વયજુથની દિવ્યાંગ વ્યક્તિઓને અપાતી પેન્શનની રકમના પણ અલગ અલગ પત્રકો રાખવાનું ઠરાવવામાં આવેલ.
- ૬૪ વર્ષ પૂર્ણ કરેથી દિવ્યાંગ વ્યક્તિને આપોઆપ વૃધ્ધ પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે એમ ઠરાવવામા આવેલ.

➢ **ગુજરાત સરકારનાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક અપગ/૧૦૨૦૦૯/ન.બા-૯ થી ૧૪/છ-૧ તા.૧૩/૦૮/૨૦૦૯ મુજબ.**

- આ યોજના હેઠળ હાલ લાભાર્થીની વય મર્યાદા ૦ થી ૪૫ વર્ષની છે. તેમાં સુધારો કરીને ૬૪ વર્ષ સુધીના દિવ્યાંગ વ્યક્તિઓને આપવાનુ ઠરાવવામાં આવ્યું. અને તે મુજબ ૦ થી ૬૪ વર્ષ સુધીની ૮૦ ટકાથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ આ યોજના હેઠળ લાભ મેળવવાપાત્ર થશે એમ ઠરાવવામાં આવેલ.
- ૦ થી ૧૭ વર્ષ સુધીની વય જુથની ૮૦ ટકાથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિને રૂ. ૨૦૦/– ની માસિક સહાય આપવામાં આવશે એમ ઠરાવવામાં આવેલ.
- હાલમાં ૧૮ થી ૪૫ વર્ષની વય જુથની વ્યક્તિને ૪૦૦/– માસિક સહાય આપવામાં આવે છે તેની જગ્યાએ ૧૮ થી ૬૪ વર્ષની વયજુથની ૮૦ ટકા દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓને રૂ. ૨૦૦ ની માસિક સહાય રાજ્ય સરકાર તરફથી અને રૂ.૨૦૦/–ની માસિક સહાય કેન્દ્ર સરકાર તરફથી "ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વિકલાંગ પેન્શન યોજના" હેઠળ ચુકવવાપાત્ર થશે એમ ઠરાવવામાં આવેલ.

➢ **ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ અપગ/૧૦૨૦૦૯/૨૧૬/છ–૧ તા. ૧૭/૦૮/૨૦૦૯ મુજબ.**

- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૩૧/૦૭/૨૦૦૯ના સરખા ક્રમાંકના પરિપત્રથી ગરીબી રેખા હેઠળ જીવતી દિવ્યાંગ વ્યક્તિઓને આર્થિક સહાય આપવાની યોજનાના પરિપત્ર સ્વરૂપમાં અમલી બનાવવામાં આવેલ હતી, હકીકતમાં આ બાબત ઠરાવ સ્વરૂપમાં પ્રસિધ્ધ કરવાની થતી હોઇ, પરિપત્ર ક્રમાંક અપગ/૧૦૨૦૦૯/૨૧૬/છ–૧ ને બદલે ઠરાવ ક્રમાંક અપગ/૧૦૨૦૦૯/૨૧૬/છ–૧ વાંચવા અંગેનો સુધારો કરવાનું ઠરાવવામાં આવેલ.

➢ **ગુજરાત સરકારનાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ અપગ/ ૧૦૨૦૧૩/૮૬૭૧૭૯/ન.બા–૧૨ થી ૧૪/છ–૧, તા. ૩૧/૦૭/૨૦૧૪ મુજબ.**

- રાજ્યના ૦ થી ૧૭ વર્ષના લાભાર્થીઓને હાલ રાજ્ય સરકાર દ્વારા રૂ. ૨૦૦/–ની સહાય આપવામાં આવે છે તે સહાયની રકમમાં રાજ્ય સરકાર દ્વારા રૂ. ૨૦૦/–નો વધારો કરી કુલ રકમ રૂ. ૪૦૦/– કરવાનું ઠરાવવામાં આવેલ.

➢ **ગુજરાત સરકારનાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ અપગ/ ૧૦૨૦૧૬/૬૯૯૫૯૧/ન.બા–૧/ છ–૧ તા. ૦૧/૦૪/૧૭ મુજબ.**

- ૦ થી ૬૪ વર્ષ અને ૭૫ ટકા દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓને રૂ. ૪૦૦/ ની સહાય વધારી રૂ. ૬૦૦/– કરવામાં આવેલ.

➢ **ગુજરાત સરકારનાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનાં, ઠરાવ ક્રમાંકઃ અપગ/ ૧૦૨૦૧૧/૮૫૭૮૮/છ.૧ સચિવાલય, ગાંધીનગરના તા.૦૨/૦૯/૨૦૧૬ મુજબ.**

- દિવ્યાંગ કલ્યાણ યોજનાઓનો લાભ આપવા માટે દિવ્યાંગતાની ટકાવારી નીચે મુજબ નક્કી આવી.

| દિવ્યાંગતાનો પ્રકાર | દિવ્યાંગતાની શ્રેણી | દિવ્યાંગતાની ટકાવારી |
|---|---|---|
| અસ્થિવિષયક દિવ્યાંગતા | – | ૮૦ ટકા કે તેથી વધુ |
| દ્રષ્ટિવિષયક દિવ્યાંગતા | ૬/૬૦ અથવા ૨૦/૨૦૦ થી વધુ ન હોય | ૮૦ ટકા કે તેથી વધુ અંધત્વ |
| મૂકબધિર | ૭૧ ડેસીબલ કે તેથી વધુ | ૭૧ થી ૧૦૦ ટકા |
| મંદબુધ્ધિ (માનસિક મંદતા) | ૩૫ થી ૪૪ બુધ્ધિઆંક | ૮૦ ટકા કે તેથી વધુ. |

➢ **ગુજરાત સરકારનાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ ગાંધીનગરના, ઠરાવ ક્રમાંકઃ અપગ/૧૦૨૦૧૭/૫૮૪૫૯૬/છ.૧ તા. ૦૬/૧૦/૨૦૧૭ મુજબ**

- આ યોજના હેઠળ લાભ આપવાની પ્રક્રિયામાં  બી.પી.એલ ગુણાંક ૦-૨૦ ના અતિગરીબ અને ગરીબ કુટુંબના લાભાર્થીઓને સહાય મંજૂર કરવાની રહેશે એમ ઠરાવવામાં આવેલ.

➢ **ગુજરાત સરકારનાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ અપગ/૧૦૨૦૧૮/૭૦૪૭૬૨/છ-૧, તા. ૨૭/૧૨/૨૦૧૯ મુજબ.**

- ધ રાઈટ ઓફ પર્સન્સ વીથ ડિસેબીલીટીઝ એક્ટ-૨૦૧૬ માં દર્શાવેલ ૨૧ પ્રકારની દિવ્યાંગતા મુજબની ૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓને આ યોજનાનો લાભ આપવાનું ઠરાવવામાં આવેલ.૨૧ પ્રકારની દિવ્યાંગતાની યાદી નીચે મુજબ છે.

| ક્રમ નં | દિવ્યાંગતા |
|---|---|
| ૧ | અંધત્વ (Blindness) |
| ૨ | આનુવંશિક કારણોથી થતો સ્નાયુક્ષય (Muscular Dystrophy) |
| ૩ | સાંભળવાની ક્ષતિ (Hearing Impairment) |
| ૪ | ક્રોનિક ન્યુરોલોજીકલ સ્થિતિ (Chronic Neurological Condition) |
| ૫ | સામાન્ય ઈજા જીવલેણ રક્તસ્ત્રાવ(Hemophilia) |
| ૬ | ઓછી દ્રષ્ટી(Low Vision) |
| ૭ | ધ્રુજારી સ્નાયુબદ્ધ કઠોરતા(Parkinson"s Disease) |
| ૮ | બૌદ્દિક અસમર્થતા (Intellectual Disability) |
| ૯ | હિમોગ્લોબિનની ઘટેલી માત્રા( Thelassemia) |
| ૧૦ | રક્તપિત-સાજા થયેલ (Leprosy Cured person) |
| ૧૧ | દીર્ઘ કાલીન અનેમિયા (Sickle Cell Disease) |
| ૧૨ | એસીડના હુમલાનો ભોગ બનેલા(Acid Attack Victim) |
| ૧૩ | હલન ચલન સાથેની અશકતતા(Locomotor Disability) |
| ૧૪ | સેરેબલપાલ્સી( Cerebral palsy) |
| ૧૫ | વામનતા (Dwarfism) |
| ૧૬ | માનસિક બિમાર(Mental Illness) |
| ૧૭ | બહુવિધ સ્કલેરોસિસ-શરીરની પેશીઓ કઠણ થવાની વિકૃતિ (Multiple Sclerosis) |

| | |
|---|---|
| ૧૮ | ખાસ અભ્યાસ સંબંધિત વિકલાંગતા(Specific Learning Disabilities) |
| ૧૯ | વાણી અને ભાષાની અશકતતા(Speech and Language Disability) |
| ૨૦ | ચેતાતંત્ર–ન્યુરોનીવિકાસલક્ષી સ્થિતિમાં ક્ષતિ (Autism Spectrum Disorder) |
| ૨૧ | બહેરા અંધત્વ સહિત અનેક અપંગતા ( Multiple Disabilities Including Deaf Blindness) |

- **ગુજરાત સરકારનાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંકઃસશપ/૧૨૨૦૨૦/૩૯૩૪૦૪/અ તા. ૨૯/૦૯/૨૦૨૦ મુજબ.**

- ડિજિટલ સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત ઇ–ગ્રામ કેન્દ્રો મારફતે એક દિવસમાં આ યોજનાનો લાભ લાભાર્થીઓને ઓન લાઇન પુરો પાડી શકાય તે માટે અનુસરવાની કાર્યપ્રણાલી નક્કી કરવામાં આવી.

- **ગુજરાત સરકારનાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંકઃSJED/MIS/e-file/17/2022/0115/CHH1, તા.૧૪/૦૩/૨૦૨૨ મુજબ.**

- આ ઠરાવથી સહાયની રકમ રૂ.૬૦૦/– થી વધારીને રૂ.૧૦૦૦/– કરવામાં આવેલ.

## આ યોજના હેઠળ સહાયનાં દરમાં ક્યારે ક્યારે વધારો કરવામાં આવેલ ?

| સહાયનાં દરમાં સુધારો થયાની તારીખ | સહાયનાં ધોરણોમાં થયેલ સુધારાની વિગત |
|---|---|
| ૨૦/૧૦/૨૦૦૬ | • સહાયની રકમ રૂ.૧૦૦/- થી વધારી રૂ.૨૦૦/- કરવામાં આવી. |
| ૩૧/૦૭/૨૦૧૪ | • સહાયની રકમ રૂ. ૨૦૦/- થી વધારી રૂ. ૪૦૦/- કરવામાં આવી. |
| ૦૧/૦૪/૨૦૧૭ | • સહાયની રકમ રૂ.૪૦૦/- થી વધારી રૂ. ૬૦૦/- કરવામાં આવી. |
| ૧૪/૦૩/૨૦૨૨ | • સહાયની રકમ રૂ.૬૦૦/- થી વધારી રૂ. ૧૦૦૦/- કરવામાં આવી. |

## આ યોજનાની પાત્રતાનાં ધોરણોમાં ક્યારે ક્યારે સુધારો કરવામાં આવ્યો ?

- તા. ૧૯/૧૨/૨૦૦૩ થી સંત સુરદાસ યોજનાના લાભાર્થીના કુટુંબની આવક ગરીબી રેખાથી વધારે હોવી જોઇએ નહી" આ અંગેની આવક સંબંધિત તાલુકાના મામલતદાર દ્વારા જ પ્રમાણિત થયેલી હોવી જોઇએ તેમ ઠરાવવામાં આવેલ.
- તા. ૩૧/૦૭/૨૦૦૯ થી સંત સુરદાસ યોજના હેઠળ ૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિને આ યોજનાનો લાભ મળશે એમ ઠરાવવામાં આવેલ અને આ યોજનાનો લાભ ગરીબી રેખા હેઠળ જીવતા ગુજરાતના દિવ્યાંગ વ્યક્તિઓને મળશે. આ માટે ભારત સરકારની યોજનાઓ માટે પાત્રતા ધરાવતી ગરીબી રેખા હેઠળ જીવતા વ્યક્તિઓની યાદી ગ્રામ્ય વિસ્તાર માટે ભારત સરકારની મીનીસ્ટ્રી ઓફ રૂરલ ડેવલેપમેન્ટ તેમજ શહેરી વિસ્તાર માટે ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ અર્બન હાઉસીંગ

એન્ડ પોવર્ટી એલીવેશન તરફથી જે બી.પી.એલ યાદી બનાવવામાં આવેલી છે તેનો ઉપયોગ કરવામાં આવશે એમ ઠરાવવામાં આવેલ.

- ૧૩/૦૮/૨૦૦૯ થી આ યોજના હેઠળ હાલ લાભાર્થીની વય મર્યાદા ૦ થી ૪૫ વર્ષની છે. તેમાં સુધારો કરીને ૬૪ વર્ષ સુધીના દિવ્યાંગ વ્યક્તિઓને આપવાનુ ઠરાવવામાં આવ્યું. અને તે મુજબ ૦ થી ૬૪ વર્ષ સુધીની ૮૦ ટકાથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ આ યોજના હેઠળ લાભ મેળવવાપાત્ર થશે એમ ઠરાવવામાં આવેલ.
- તા.૦૨/૦૯/૨૦૧૬ થી દિવ્યાંગ કલ્યાણ યોજનાઓનો લાભ આપવા માટે દિવ્યાંગતાની ટકાવારી નીચે મુજબ નક્કી આવી.

| **દિવ્યાંગતાનો પ્રકાર** | **દિવ્યાંગતાની શ્રેણી** | **દિવ્યાંગતાની ટકાવારી** |
|---|---|---|
| અસ્થિવિષયક દિવ્યાંગતા | – | ૮૦ ટકા કે તેથી વધુ |
| દ્રષ્ટિવિષયક દિવ્યાંગતા | ૬/૬૦ અથવા ૨૦/૨૦૦ થી વધુ ન હોય | ૮૦ ટકા કે તેથી વધુ અંધત્વ |
| મૂકબધિર | ૭૧ ડેસીબલ કે તેથી વધુ | ૭૧ થી ૧૦૦ ટકા |
| મંદબુધ્ધિ (માનસિક મંદતા) | ૩૫ થી ૪૪ બુધ્ધિઆંક | ૮૦ ટકા કે તેથી વધુ. |

- તા. ૦૬/૧૦/૨૦૧૭ થી આ યોજના હેઠળ લાભ આપવાની પ્રક્રિયામાં બી.પી.એલ ગુણાંક ૦-૨૦ ના અતિગરીબ અને ગરીબ કુટુંબના લાભાર્થીઓને સહાય મંજૂર કરવાની રહેશે એમ ઠરાવવામાં આવેલ.
- તા. ૨૭/૧૨/૨૦૧૯થી ધ રાઈટ ઓફ પર્સન્સ વીથ ડિસેબીલીટીઝ એક્ટ-૨૦૧૬ માં દર્શાવેલ ૨૧ પ્રકારની દિવ્યાંગ મુજબની ૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓને આ યોજનાનો લાભ આપવાનું ઠરાવવામાં આવેલ.
- ૨૧ પ્રકારની દિવ્યાંગતાની યાદી નીચે મુજબ છે.

| ક્રમ નં | દિવ્યાંગતા |
| --- | --- |
| ૧ | અંધત્વ(Blindness) |
| ૨ | આનુવંશિક કારણોથી થતો સ્નાયુક્ષય(Muscular Dystrophy) |
| ૩ | સાંભળવાની ક્ષતિ(Hearing Impairment) |
| ૪ | ક્રોનિક ન્યુરોલોજીકલ સ્થિતિ(Chronic Neurological Condition) |
| ૫ | સામાન્ય ઈજા જીવલેણ રક્તસ્ત્રાવ(Hemophilia) |
| ૬ | ઓછી દ્રષ્ટી(Low Vision) |
| ૭ | ધ્રુજારી સ્નાયુબદ્ધ કઠોરતા(Parkinson"s Disease) |
| ૮ | બૌદ્ધિક અસમર્થતા (Intellectual Disability) |
| ૯ | હિમોગ્લોબિનની ઘટેલી માત્રા( Thelassemia) |
| ૧૦ | રક્તપિત–સાજા થયેલ (Leprosy Cured person) |
| ૧૧ | દીર્ઘ કાલીન અનેમિયા (Sickle Cell Disease) |
| ૧૨ | એસીડના હુમલાનો ભોગ બનેલા(Acid Attack Victim) |
| ૧૩ | હલન ચલન સાથેની અશકતતા(Locomotor Disability) |
| ૧૪ | સેરેબલપાલ્સી( Cerebral palsy) |
| ૧૫ | વામનતા (Dwarfism) |
| ૧૬ | માનસિક બિમાર(Mental Illness) |
| ૧૭ | બહુવિધ સ્કલેરોસિસ–શરીરની પેશીઓ કઠણ થવાની વિકૃતિ |
| ૧૮ | (Multiple Sclerosis) |
| ૧૯ | ખાસ અભ્યાસ સંબંધિત વિકલાંગતા(Specific Learning Disabilities) |
| | વાણી અને ભાષાની અશકતતા(Speech and Language Disability) |
| ૨૦ | ચેતાતંત્ર–ન્યુરોનીવિકાસલક્ષી સ્થિતિમાં ક્ષતિ<br>(Autism Spectrum Disorder) |
| ૨૧ | બહેરા અંધત્વ સહિત અનેક અપંગતા<br>( Multiple Disabilities Including Deaf Blindness) |